ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ,
મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦૦૦૧
Email:- registrar.kskvku@gmail.com

ફોન (૦૨૮૩૨) ૨૩૫૦૦૨
ફેક્સ (૦૨૮૩૨) ૨૩૫૦૧૨
web : http://kskvku.digitaluniversity.ac

## ૧૧ માસના કરાર આધારિત (૧) રીસર્ચ એડવાઈઝર-ફેસીલીટેટર અને (૨) સ્ટેટીસ્ટીકલ એનાલીસ્ટની ભરતી સંબંધિત નિયમો અને સૂચનાઓ

| ક્રમ | જગ્યાનું નામ | ન્યુનતમ શૈક્ષણિક લાયકાત | ન્યુનતમ અનુભવ | કામગીરીની સ્પષ્ટતા | વય મર્યાદા | પગાર ધોરણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | રીસર્ચ એડવાઈઝર-ફેસીલીટેટર | સંબંધિત વિદ્યાશાખામાં અનુસ્નાતક ડિગ્રી ૫૫% ગુણ સાથે | સંબંધિત વિદ્યાશાખાનો ઉચ્ચ શિક્ષણ સંસ્થાનો સંશોધન મેથેડોલોજી, રીસર્ચ પેપર, ડેટા કલેક્શન અને ડેટા એનાલીસીસ સંબંધિત ૩ વર્ષનો અનુભવ | સંશોધનનું જ્ઞાન, સંશોધન દરખાસ્ત તૈયાર કરવુ, સંશોધન અહેવાલનું લેખન, ડેટા એનાલિસીસ્ટ, અન્ય સંબંધિત કામગીરી | ૩૬ વર્ષથી વધુ ઉંમર ન હોવી જોઇએ | રૂા. ૪૦,૦૦૦/- પ્રતિમાસ |
| ૨ | સ્ટેટીસ્ટીકલ એનાલીસ્ટ | અનુસ્નાતક ડિગ્રી ૫૫% ગુણ સાથે (આંકડાશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, અન્ય સંબંધિત વિદ્યાશાખા) | ડેટા વિશ્લેષણ, રીપોર્ટ એનાલીસીસ, કો-ઓર્ડિનેશન, તારણ શોધવા સંબંધિતનો ૨ વર્ષનો અનુભવ | ડેટા એન્ટ્રી, ડેટા એનાલીસ્ટ, રીપોર્ટ એક્ઝિક્યુટીવ અહેવાલ, સંશોધન અહેવાલ, અન્ય સંબંધિત કામગીરી | ૩૬ વર્ષથી વધુ ઉંમર ન હોવી જોઇએ | રૂા. ૨૫,૦૦૦/- પ્રતિમાસ |

- ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીના કચેરી આદેશ ક્રમાંક ISC-7/PHD/EDN-30/KSKV/2021-22/૧૪૧૧-૧૫, તા. ૨૩/૦૩/૨૦૨૧ મુજબ ઉપરોક્ત બંને જગ્યાઓ ૧૧ માસના કરાર આધારિત ધોરણે ભરવાની થાય છે. જેમાં પ્રથમ ૧ માસ માટે કામચલાઉ ધોરણે અને જો કામગીરી સંતોષકારક જણાય તો વધુ ૧૦ મહિના માટે કરાર પર રાખવામાં આવશે. નિમણૂંક પામનાર કર્મચારીને ઉપરોક્ત આદેશ અનુસાર યુનિવર્સિટીમાં નિયમિત મહેકમ ઉપર સમાવિષ્ટ થવા માટેનો કોઈ હક્ક પ્રાપ્ત થશે નહી તેમજ આ અંગેના કોર્ટ / કચેરીમાં કોઈ હક્ક દાવા કરી શકશે નહી.
- ઉપરોક્ત બંને જગ્યાઓ માટે સંશોધન, પબ્લીકેશન અને કોમ્પ્યુટરનું પાયાનું જ્ઞાન જરૂરી છે.
- ઉમેદવારે બંને જગ્યા માટે અલગ અલગ અરજી કરવાની રહેશે.
- અધુરી કે અસ્પષ્ટ મળેલી તેમજ અધૂરા પ્રમાણપત્રો ધરાવતી અરજી રદ થવાને પાત્ર રહેશે.
- લાયકાત તેમજ અનુભવના તમામ આધારો સ્વપ્રમાણિત કરીને અરજી સાથે જોડવાના રહેશે.
- ઈન્ટરવ્યુ સમયે અસલ આધારો ખરાઈ કરાવવાના રહેશે.

- ઉમેદવારની પસંદગી મૌખિક ઈન્ટરવ્યુ પધ્ધતિથી કરવામાં આવશે.
- ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પૂરી થયા પછી મૌખિક ઈન્ટરવ્યુ માટેની તારીખ, સમય સહિતની તમામ માહિતી અને સૂચનાઓ યુનિવર્સિટીની વેબસાઈટ પર મુકવામાં આવશે. તે અંગે જાતે માહિતગાર રહેવાનું રહેશે.
- પ્રવર્તમાન સરકારી નિયમો અનુસાર કેટેગરી મુજબ વય મર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે. (ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવાની રહેશે.)
- જાહેરાત સંબંધિત / પસંદગી પધ્ધતિ સંબંધિત કોઈ પણ ફેરફાર કરવા તેમજ રદ કરવાની આવશ્યકતા ઉભી થશે તો યુનિવર્સિટીને તેનો સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે.
- ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ લાયકાતના પ્રમાણપત્રોની માન્યતા તેમજ સંબંધિત યુનિવર્સિટી/સંસ્થાની માન્યતા તેમજ સંબંધિત અભ્યાસક્રમની માન્યતા બાબતે ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે ત્યારે મંડળ/નિમણૂંક સતાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

**કુલસચિવ**